ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬



... અને ત્યાર બાદ શોભાએ દીવસો સુધી માથું ન ધોયું Pg.2



સોનાક્ષી સિંહા : કરિયરનો ગેમચેન્જર પ્રોજેક્ટ? Pg.4

# ગોવિંદા અને સુનીતાના લગ્નજીવનમાં થયા 'કોમલ' પ્રહારો



બોલિવૂડમાં એક્ટર્સ વિશે નેગેટિવ કમેન્ટ્સ કરનારા ઘણા મળી આવે છે. ઈર્ષા અને અસુરક્ષિતતાને કારણે એકબીજાને ઉતારી પાડવું સામાન્ય બાબત છે, પરંતુ એવું ભાગ્યે જ જોવા મળે છે કે તમારી અંગત વ્યક્તિ જ તમારા વિશે નકારાત્મક વાતો કરે અને તમારી ઈમેજને ઠેસ પહોંચાડે. છેલ્લા ઘણા સમયથી ગોવિંદા પોતાની કારકિર્દીને વેગ આપવા માટે મથી રહ્યો છે અને તેની પત્ની જ તેના વિશે નકારાત્મક વાતો કરીને પબ્લિકમાં તેની ઈમેજ બગાડી રહી છે. હાલમાં જે જાણવા મળ્યું તેમાં તો



હદ થઈ ગઈ. ગોવિંદાની પત્ની સુનીતાએ ગોવિંદા વિશે સોશિયલ મીડિયા પર જે પ્રકારની વાતો કરી તે જોઈને ગોવિંદા પણ ગુસ્સે ભરાયો અને તેણે પણ સામે કડક પ્રત્યુત્તર આપ્યો. તેમના સોશિયલ મીડિયા પરના સામસામા પ્રત્યુત્તરની લોકો મજા લઈ રહ્યા છે.

ગોવિંદા અને તેની પત્ની સુનીતા વચ્ચે છેલ્લા ઘણા સમયથી વાક્યયુદ્ધ ચાલી રહ્યું છે અને તે પણ સોશિયલ મીડિયા પર! આ કપલના લગ્નજીવનમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે અને તે દરમિયાન સુનીતાએ ગોવિંદા વિશે ઘણા તીખા શબ્દોનો પ્રયોગ કર્યો છે. અગાઉ ૯૦ના દાયકામાં ગોવિંદાએ જાતે જ આ વાતનો સ્વીકાર કર્યો હતો કે તેને તેની સહ-એક્ટ્રેસ નીલમ માટે ઘણી લાગણી હતી અને તે ઈચ્છતો હતો કે સુનીતા પણ તેના જેવી બને. વર્ષ ૨૦૨૪માં એવા પણ ન્યૂઝ સાંભળવા મળ્યા હતા કે સુનીતાએ ગોવિંદા પર વ્યભિચાર, ક્રૂરતા અને તરછોડવાનો આરોપ મૂકીને કોર્ટમાં ડિવોર્સ માટે અરજી કરી હતી. પરંતુ વાત ત્યાંથી આગળ વધી નહીં અને ત્યાર બાદ તેઓ સાથે રહેવા લાગ્યા.

તાજેતરમાં ગોવિંદાનું નામ તેની ફિલ્મ 'રૂપા'ની સહ-એક્ટ્રેસ કોમલ રાની સ્વર્ણકર સાથે જોડાયું છે. આ નવોદિત એક્ટ્રેસ સાથે ગોવિંદાને વારંવાર જોવામાં આવ્યો છે અને સુનીતાના કહેવા પ્રમાણે તેમની વચ્ચે અફેર પણ ચાલી રહ્યું છે. સુનીતાએ આ વિશે સોશિયલ મીડિયા પર આકરા શબ્દોનો પ્રયોગ કરીને કહ્યું છે કે, "વિનાશ કાલે વિપરીત બુદ્ધિ. ગોવિંદાને



**ઇન્ડસ્ટ્રીમાં ઘણા એક્ટ્રસે તેમનાથી નાની ઉંમરની એક્ટ્રેસ સાથે કામ કર્યું છે અને તેઓને તેમાં સફળતા અને ઓળખ પણ મળી છે**

તેની દીકરીની ઉંમરની છોકરી સાથે ફરતાં શરમ આવવી જોઈએ." સુનીતાએ એક્ટ્રેસ કોમલ અને તેના કપડાં પર પણ કમેન્ટ કરતાં કહ્યું, "તારો શુગર ડેડી આટલો પૈસાવાળો છે તો તારે કપડાં તો સારાં પહેરવાં જોઈએ. કોઈ ધારાધોરણ તો રાખ." આમ, સુનીતા કોમલ પર આરોપ પણ લગાવે છે કે કોમલ ગોવિંદાને પૈસા માટે બ્લેકમેલ કરે છે. જોકે, કોમલ આ વિષે મૌન રહી છે અને ગોવિંદાએ તેના માટે તેની પ્રશંસા પણ કરી છે. પરંતુ ગોવિંદાએ સુનીતાને વળતો જવાબ આપ્યો. તેણે પણ જવાબ આપવા માટે સોશિયલ મીડિયાનું માધ્યમ પસંદ કર્યું. ગોવિંદા જવાબ આપે છે કે, "મને મળતા દરેક કામ હું કરવાનું પસંદ કરતો નથી અને જ્યારે કોઈ કામ પસંદ કરું છું ત્યારે તેમાં વિક્ષેપ નાખવાનું કામ શા માટે કરે છે? મને બદનામ કરવાની કોઈ કસર છોડી નથી. મારી એટલી બદનામી કરી રહી છે કે જાણે તું ઈચ્છે છે કે મારું કામ ન થાય, મારો બિઝનેસ ન ચાલે. કોઈ ગરીબ પરિવારમાંથી આવતું હોય તો તેને એટલું લજ્જિત ન કરવું જોઈએ કે તે ગભરાઈને ફિલ્મ છોડીને જતું રહે. તારી પાસે પૈસા છે, એક સ્ટેટસ છે તો તેનો મતલબ એવો નથી કે કોઈનું અપમાન કરવાનો તને હક છે."




ત્યાર બાદ ગોવિંદાએ સુનીતાએ તેની ઉંમરને લઈને જે કમેન્ટ કરી હતી તેનો પણ જવાબ આપ્યો. ગોવિંદા કહે છે કે, "ઈન્ડસ્ટ્રીમાં ઘણા એક્ટર્સ છે જેમણે તેમનાથી નાની ઉંમરની એક્ટ્રેસઓ સાથે કામ કર્યું છે અને તે એક્ટ્રેસઓને તેમાં સફળતા અને ઓળખ પણ મળી છે. જ્યારે તે એક્ટરને ફરી યુવાન દેખાવાની તક મળતી હોય છે.

પરંતુ લાગે છે કે તું નથી ઈચ્છતી કે હું યુવાન દેખાઉં. એટલે મને બદનામ કરવાની જે પોડકાસ્ટ તું ચાલુ કરી છે તે જરા સમજી-વિચારીને કરવાનું રાખવું જોઈએ. થોડું પોતાની હદમાં રહીને વાત કર." આમ, ગોવિંદા અને સુનીતાના સંબંધમાં 'કોમલ' નામની કડવાશ આવી ગઈ છે, જેને લઈને બંને વચ્ચે આકરા સામસામા પ્રહારો ચાલી રહ્યા છે. હવે ગોવિંદાની વ્હારે તેની ભૂતપૂર્વ સહ-એક્ટ્રેસ સોમી અલી આવી છે, જે સોશિયલ મીડિયા પર ગોવિંદા અને સુનીતા વિશે તેના વિચારો શેર કરે છે. સોમી અલી કહે છે કે, "મને સુનીતા અને ગોવિંદા બંને માટે ઘણો આદર છે. હું ગોવિંદાને પર્સનલી અને પ્રોફેશનલી પણ ઓળખું છું અને એટલે જ જ્યારે જરૂર છે ત્યારે મારે તેને સપોર્ટ કરવો જોઈએ એમ મને લાગે છે.

ચીચી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સૌથી વધારે પ્રતિભાશાળી અને નમ્ર અભિનેતા છે. મને લાગે છે કે એક એક્ટરની કોઈ એક્સપાયરી ડેટ નથી હોતી. એક મોટી ઉંમરનો એક્ટર નાની ઉંમરની એક્ટ્રેસ સાથે ફિલ્મમાં રોમાન્સ કરે તેમાં કશું ખોટું નથી. અને વળી, ગોવિંદા પહેલો અભિનેતા નથી કે જેણે તેનાથી નાની ઉંમરની એક્ટ્રેસ સાથે કામ કર્યું હોય. અમુક સમય પછી જ્યારે કામ ઓછું મળતું હોય ત્યારે પણ તમે કામ કરવાની ધગશ રાખો છો તે સારી વાત છે અને આવકારદાયક પણ છે. એક એક્ટરનું મૂલ્યાંકન ઉંમરના આધારે નહીં, પરંતુ તેની પ્રતિભા અને આગળ વધતા રહેવાના ઉત્સાહના આધારે થવું જોઈએ." હવે રહી વાત ગોવિંદા અને સુનીતાના અંગત જીવનની, તો તેમાં તો આપણે કશું કહી ન શકીએ. સાચું શું છે તે તો ગોવિંદા અને કોમલ જ જાણતા હશે. જોકે, આ બાબતમાં કોમલે કોઈ કમેન્ટ કરી નથી, એટલે આપણને સાચી પરિસ્થિતિ શું છે તેની ખબર નથી. પરંતુ જો ગોવિંદા અને સુનીતા બંને પોતાની અંગત બાબતો સોશિયલ મીડિયાના સહારે જ વાત કરતા રહેશે તો લોકોનું ચોક્કસ મનોરંજન થતું રહેશે. •

# અજય અને કાજોલની કેમેસ્ટ્રી

કાજોલના જન્મદિવસે પતિ અજય દેવગણે સોશિયલ મીડિયા પર હૃદયસ્પર્શી પોસ્ટ મૂકીને તેની ઉજવણી કરી. અજય દેવગણે પરંપરાગત ફોટોગ્રાફ શેર કરવાને બદલે ચાહકોને એક મજેદાર રીલ બતાવી, જેમાં કાજોલ અને અજય વચ્ચેની કેટલીક નિખાલસ પળો કેદ થઈ છે. તેમની આ રીલ જોઈને ખરેખર લોકોને સમજાઈ ગયું છે કે તેઓ બંને બોલીવુડના સૌથી લોકપ્રિય કપલમાંથી એક શા માટે છે. વિડિયોમાં અજય મજાક કરતો જોવા મળે છે અને કાજોલ તેની મજાક પર ખડખડાટ હસતી હોય છે. તેમની આ હળવી-મજાની પળો બંને વચ્ચે રહેલા પ્રેમ, સમજણ અને નિખાલસતા દર્શાવે છે. અજયે વીડિયો શેર કરતાં લખ્યું હતું કે, 'મારા બેસ્ટ જોક્સને આટલાં વર્ષોથી એક જ ઓડિયન્સ મળી છે. જન્મદિવસની શુભકામનાઓ.' આ પોસ્ટે સોશિયલ મીડિયા પર બધાનું ધ્યાન ખેંચ્યું અને કાજોલ માટે શુભેચ્છાઓનો વરસાદ થવા લાગ્યો.



એવોર્ડ શો હોય, રિયાલિટી શો હોય કે પ્રમોશનલ ઈવેન્ટ, અજય અને કાજોલ તેમની સરળ કેમેસ્ટ્રી અને રમતિયાળ સ્વભાવ માટે જાણીતા છે. તેમની રમૂજી વાતો અને એકબીજા પર થતી મૈત્રીપૂર્ણ કમેન્ટ્સ ચાહકો માટે યાદગાર પળ બની જાય છે. આ કપલે ૧૯૯૯માં લગ્ન કર્યા હતાં. તેમને પુત્રી ન્યાસા અને પુત્ર યુગ એમ બે સંતાનો છે. અજય દેવગણની આગામી ફિલ્મ 'ગોલમાલ ૫' આવી રહી છે, જે રોહિત શેટ્ટીની અત્યંત સફળ કોમેડી ફિલ્મ 'ગોલમાલ: ફન અનલિમિટેડ'ની ફ્રેન્ચાઈઝી છે. 'ગોલમાલ ૫'માં અજય સાથે અક્ષય કુમાર પણ જોડાવાનો છે. અજયને છેલ્લે 'ધમાલ ૪'માં જોવામાં આવ્યો હતો, જેમાં તેની સાથે રિતેશ દેશમુખ, અરશદ વારસી, સંજય મિશ્રા, જાવેદ જાફરી, એષા ગુપ્તા, સંજીદા શેખ, અંજલિ આનંદ, ઉપેન્દ્ર લિમયે, વિજય પાટકર અને રવિ કિશન જેવા કલાકારો મુખ્ય ભૂમિકામાં હતા. •

# રિયાને લાગ્યા જેલના કેદી સારા

**બોલિવ્લોગ વિથ પૅપ**

એક્ટ્રેસ રિયા ચક્રવર્તી વર્ષ ૨૦૨૦ની પોતાની યાદો આપણી સાથે શેર કરે છે. ૨૦૨૦ની ૮ સપ્ટેમ્બરે સુશાંત સિંહ રાજપૂતના અવસાન બાદ તેના પર ડ્રગ્સ સંબંધિત આરોપ લગાવવામાં આવ્યા હતા, જેના કારણે નાર્કોટિક્સ વિભાગે તેની ધરપકડ કરી હતી. રિયાએ લગભગ ૨૮ દિવસ જેલમાં વિતાવવા પડ્યા હતા. રિયા પોતાના તે અનુભવ વિશે જણાવે છે કે જેલમાં લોકો વધારે સારા હોય છે. રિયાના કહેવા પ્રમાણે, જેલમાં રહેતી મોટાભાગની સ્ત્રીઓ નિર્દોષ હોય છે. ત્યાં સત્તાને કોઈ સ્થાન નથી અને દરેક વ્યક્તિ સમાન હોય છે. દરેકની ઓળખ એક નંબર હોય છે, કોઈનું નામ હોતું નથી.




જેલમાં તમે સમય પસાર કરવા માટે ગીતો ગાઈ શકો છો અને ડાન્સ કરી શકો છો. ત્યાં સ્ત્રીઓ ઠેચા-પાવ પણ બનાવે છે, જે એક મહારાષ્ટ્રીયન વાનગી છે. જેલમાં મળતા ભોજન વિશે રિયા મજાક-મસ્તી કરતાં જણાવે છે કે, 'હું એક બુક લખી રહી છું, તેને ચોક્કસ વાંચજો. બુકનું નામ છે- 'ચુડેલ કા બદલા'.' વળી, તે જેલમાં મળતા ભોજન વિશે મસ્તીમાં એમ પણ કહે છે કે, 'અરે, ત્યાં તમને શેમ્પેઈન, સુશી, વડા પાઉં અને ચાટ પણ મળે છે.'

રિયા ૮ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ જામીન પર જેલમાંથી છૂટી ગઈ હતી અને માર્ચ ૨૦૨૫માં સીબીઆઈએ ક્લોઝર રિપોર્ટમાં જણાવ્યું કે સુશાંત સિંહ રાજપૂતનું અવસાન આત્મહત્યા હતી. ત્યાર બાદ તેને તેનો પાસપોર્ટ પાછો મળ્યો અને તે સૌપ્રથમ તેના માતા-પિતા સાથે વિદેશયાત્રાએ ગઈ. જેલમાંથી છૂટ્યા બાદ બહારના લોકો તેને અલગ રીતે જોવા લાગ્યા હતા. લોકોનો દૃષ્ટિકોણ આખો બદલાઈ ગયો હતો. તે કહે છે કે, 'ઈમિગ્રેશનમાં મને રોકી અને પછી કહ્યું કે, 'ઠીક છે મેડમ, તમે જઈ શકો છો.' મને એ વિચિત્ર લાગ્યું. મેં કહ્યું, 'તમારો કહેવાનો મતલબ શું છે?'' ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ લોકો તેને શંકાની નજરે જોવા લાગ્યા હતા, તેવો તેને અનુભવ થયો છે. તે જ્યારે પણ કોઈ જગ્યાએ પ્રવેશ કરતી ત્યારે ત્યાંનો માહોલ ગંભીર થઈ જતો. હાલમાં રિયા કરણ જોહરના રિયાલિટી શો 'ધ ટ્રેટર્સ'માં જોવા મળી રહી હતી, જે પ્રાઈમ વિડિયો પર આવે છે. •

# વિક્રાંત ચાચાની સક્સેસ પાર્ટી!

વિક્રાંત મેસ્સીએ તેની નેટફ્લિક્સ સિરીઝ 'મુસાફિર કાફે'ની સક્સેસ પાર્ટીની ઉજવણી મુંબઈમાં કરી હતી, જેમાં તેના પરિવારના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પાર્ટીમાં વિક્રાંતે તેની ભત્રીજી સાથે જે રીતે પ્રવેશ કર્યો તે જોઈને વિક્રાંતના ચાહકોએ સોશિયલ મીડિયા પર તેની ઘણી પ્રશંસા કરી હતી. આ એકટર અને તેની નાની ભત્રીજી વચ્ચેની મીઠી વાતચીતે લોકોનાં દિલ જીતી લીધાં અને સોશિયલ મીડિયા પર તેમની આ નાજુક પળની ઘણી ચર્ચા થવા લાગી. સોશિયલ મીડિયા પર જે વીડિયો વાયરલ થયો હતો, તેમાં વિક્રાંત 'મુસાફિર કાફે'ની સક્સેસ પાર્ટીમાં તેની ભત્રીજી સાથે પ્રવેશ કરતો જોવા મળે છે. પાર્ટીમાં વિક્રાંત તેના પરિવારનું સ્વાગત કરે છે અને તેની ભત્રીજીનો હાથ પકડીને ફોટોગ્રાફર્સ તરફ લઈ જાય છે. તે વિક્રાંતના ભાઈ મોઈનની પુત્રી છે. આ યુવતી ખુશ દેખાઈ રહી હતી અને તેણે પોતાના કાકા સાથે હસતાં-હસતાં ફોટા પડાવ્યા. તેમની આ પ્રેમાળ ક્ષણ સોશિયલ મીડિયા પર ઘણી વાયરલ થઈ અને કેટલાક લોકોએ તેમની વચ્ચે રહેલા ઉષ્માભર્યા સંબંધોની પણ ઘણી પ્રશંસા કરી.



વિક્રાંતનો પરિવાર પણ આ ઉજવણીમાં જોડાયો હતો, જેમાં તેની માતા મીના મસ્સે અને પત્ની શીતલ મસ્સેનો પણ સમાવેશ થાય છે. તેમણે પણ હસતાં-હસતાં ફોટોગ્રાફર્સ માટે પોઝ આપ્યા હતા. ફિલ્મની સહ-એક્ટ્રેસઓ વેદિકા પિન્ટો અને મહિમા મકવાણા પણ આ ઉજવણીમાં સામેલ થયાં હતાં.

'મુસાફિર કાફે' વિક્રાંત માટે બીજી રીતે પણ ખાસ છે, કારણ કે તેણે આ સિરીઝને પ્રોડ્યુસ પણ કરી છે. આ વિશે વિક્રાંતે વધુમાં કહ્યું હતું, 'આમ કરવા પાછળનો હેતુ નવા આવનારાઓ માટે તક ઊભી કરવાનો છે. આ માટે મેં નેટફ્લિક્સ સાથે વાત પણ કરી હતી. મારે નવી પ્રતિભાઓને તક આપવી હતી એટલે મેં આ ફિલ્મ પ્રોડ્યુસ કરવાનું નક્કી કર્યું. લગભગ વીસ વર્ષ પહેલાં મારા પર કોઈએ વિશ્વાસ મૂક્યો હતો અને તે તક હું બીજા ઘણા વિક્રાંતોને આપવા માગું છું.' દિવ્યા પ્રકાશ દુબેની પ્રખ્યાત નવલકથા 'મુસાફિર કાફે' પરથી પ્રેરણા લઈને આ સિરીઝ બનાવવામાં આવી છે. •